ગાયકવાડ સરકારના ઈનામ લાઈબ્રેરી ખાતામાં મંજુર થયેલી.

वनिता विवेक

અથવા

" વશીકરણ વિદ્યા. "

(ખાસ સ્ત્રીઓ માટે.)

સંશોધી પ્રસિદ્ધ કર્તા.

કહાનજી ધર્મસિંહ.-

રાજકોટ,-કાઠિયાવાડ.

(દોહરો.)

વશીકરણ વિદ્યા ભણે, સતી શિરોમણિ થાય;
અવિચળ પદ પામે સુખે, ત્રિભુવન પૂજ્ય ગણાય.

અમદાવાદ.

શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું.

ઇ. સ. ૧૯૧૧. વિ. સં. ૧૯૬૮.

આવૃત્તિ. ૨ જી. પ્રત ૧૦૦૦.

મૂલ્ય બે આના.

વનિતા વિવેક

અથવા

"વશીકરણ વિદ્યા."

(દોહરો.)

વિધિ નિષેધમય વચન આ, વાંચી વર્તિશ બ્હેન;
પતિને પળમાં વશ કરી, પામિશ સહુ સુખચેન.

અનાદિ પ્રવાહરૂપે ચાલ્યા આવતા આ અસ્થિર સંસારમાં, પોતાનાં કર્મ પ્રમાણે ભમનારા જીવોને સારાં-નરસાં કર્મનાં ફળ આપનાર ઈશ્વરનાં સાકાર અને નિરાકાર એવાં બે પ્રકારનાં સ્વરૂપ માનીને, મનુષ્ય પ્રાણી તેની ઉપાસના કરેછે. તે ઉપાસનામાંની એક સાકાર એટલે આકાર સહિત-મૂર્તિમાન્, અને બીજી નિરાકાર એટલે આકાર રહિત કહેવાય છે. બેમાંથી ગમે તે પ્રકારે પણ પરમાત્માના સ્વરૂપની ઉપાસના કરવી યોગ્ય છે. પુરૂષને ઈશ્વરરૂપ મુક્તિનો માર્ગ બતાવનાર શ્રી સદ્ગુરૂ અને સ્ત્રીને ઈશ્વરરૂપ વિવાહિત પતિ છે. પુરૂષને તેમજ સ્ત્રીને જ્યાં સુધી ઈશ્વરના નિરાકાર સ્વરૂપનું પૂરતું જ્ઞાન ન થાય, ત્યાં સુધી તેણે ઉપર કહેલા ઈશ્વરરૂપની સાકાર ઉપાસના કરવી એ યોગ્ય છે. તન-મન-ધન સર્વ પદાર્થો, શુદ્ધ અંતઃકરણથી ઈશ્વરની પવિત્ર સેવામાં અર્પણ કરવા અને તે પદાર્થો પરથી બને તેટલો પોતાનો મોહ કાઢી નાખવો; "આ વસ્તુઓમાં મ્હારી કાંઇ વસ્તુ નથી; જે છે તે સર્વ પરમાત્માનીજ વિભૂતિ છે." એવો દૃઢ નિશ્ચય કરીને, ઉદર પોષણ જેટલું એકઠું કરી રાખવું અને કશામાં મમતા રાખવી નહિ. આવી તરેહના અભ્યા-

સથી જ્યારે સંસારી પદાર્થોપરની મમતા મટેછે, ત્યારે પરમાત્માનાં નિરાકાર સ્વરૂપની ઉપાસના કરવાની યોગ્યતા આવે છે. એવી ઉત્તમ સ્થિતિ થવાથી પરમાત્મા–પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને જન્મ-મરણરૂપી ઘટમાળમાંથી મુક્ત થવાય છે; એટલુંજ નહિ પણ અંતે તેજ પરમાત્માનાં તેજસ્વી સ્વરૂપમાં જીવરૂપી ચૈતન્યશક્તિ એકરસ થઇ જાય છે.

૨–સ્ત્રી–પુરૂષ માટે ઇશ્વરનાં સ્વરૂપવિષે ઉપર કહ્યું તે પ્રમાણે સ્વામિની તેમજ સદ્‌ગુરૂની ઝીણામાં ઝીણી આજ્ઞાનો પણ ભંગ ન થાય તે માટે ઘણીજ સંભાળ રાખવી અને તેમની આજ્ઞા પાળવી એજ આપણા કલ્યાણનો ખરો માર્ગ છે. જે માણસ ન્હાનામાં ન્હાની આજ્ઞાઓ બરાબર પાળી શકતો નથી તે કોઇ વાર મ્હોટી આજ્ઞાઓ પણ ઓળંગે છે. કહ્યું છે કે,–

“માખ મારે તે સાપ મારે,
(ને) સાપ મારે તે માણસ મારે.”

મતલબ કે પોતાનું કલ્યાણ ઇચ્છનાર પુરૂષે સદ્‌ગુરૂની અને પોતાનું કલ્યાણ ઇચ્છનારી નારીએ પતિની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવું નહિ; પરંતુ સદાકાળ તેમને આધીન વર્તવા તત્પર રહેવું.

૩–પુરૂષને સદ્‌ગુરૂ અને સ્ત્રીને પતિ જ્યારે પરદેશમાં હોય ત્યારે મનથી અને પાસે હોય ત્યારે સાક્ષાત સર્વ વસ્તુઓ બતાવીને વાપરવી; પરંતુ તે વસ્તુ એવી ન હોવી જોઇએ કે જેમાં શાસ્ત્રથી કંઇ પણ વિરોધ કે બાધ આવે.

૪–ગુરૂભક્ત પુરૂષ અને પતિવ્રતા સ્ત્રીના ત્રણ પ્રકાર છે; તેમાં આ લખાણ વિશેષે સ્ત્રીઓને માટે હોવાથી અહીં તેમના સંબંધમાંજ વિચારો દર્શાવ્યા છે:—

૧–જે સ્ત્રી, પતિ સિવાયના અન્ય સઘળા પુરૂષોને પર પુરૂષ નહિ

લેખતાં તેઓને સ્ત્રીરૂપેજ જુએ છે, એટલે કે પોતાના પતિમાંજ પુરૂષબુદ્ધિ રહેવાથી અન્ય પુરૂષને વિષે વિકારવાળી થતી નથી, તે **ઉત્તમ** પ્રકારની **પતિભક્તા** જાણવી.

૨–જે સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય પુરૂષોને પુરૂષ જેવા તો જુએ છે, પરંતુ તેઓમાં ભાઇ, પિતા તથા પુત્રતુલ્ય બુદ્ધિ રાખીને તેમનાથી નિર્મળ ભાવે વર્ત્તે છે, તે સ્ત્રી **મધ્યમ** પ્રકારની પતિભક્તા કહેવાય છે.

૩–જે સ્ત્રી પોતાના પતિ કરતાં અન્ય પુરૂષમાં રૂપ, ગુણ, લાવણ્ય, વિદ્યા, જ્ઞાન તથા સમૃદ્ધિની વૃદ્ધિ જોઇને વખતે તેમાં નઠારી ઇચ્છા-વાળી થાય છે, પરંતુ પોતાના ધર્મથી તે વિરૂદ્ધ આચરણ સમજી, વૃત્તિના વેગને અધર્મ તરફ ધસતો અટકાવે છે તે **સામાન્ય** પતિભક્તા કહેવાય છે; કેમકે તેની બુદ્ધિ વ્યભિચારિણી થઇ ચૂકી છે.

૪–શિષ્યના પ્રકાર પણ તેવીજ રીતે સમજવા. પતિભક્તા સ્ત્રીની પેઠે તેણે પણ સદ્‌ગુરૂમાં અચળ બુદ્ધિ રાખવી. એવી રીતે વર્ત્તવામાંજ સ્ત્રીપુરૂષનું કલ્યાણ છે. માટે સારી પેઠે વિચાર કરી, ઉપલા ત્રણે પ્રકારમાંથી પહેલા નંબરની પદવીને પામવા પ્રયત્ન કરવો, એ માણસ જાતનો મુખ્ય ધર્મ છે. એથી જ જીવ અને જીવતરનું સાર્થક્ય સમજવું.

(દોહરો.)

જીવ અને જીવન તણું, જુવતી કરી જતંન;
મિથ્યા સુખ વૈભવ ગણી, મોહ ન ધરિયે મંન.

પતિને વશ કરવા સારૂ

સ્ત્રીઓએ કેવા આચરણથી વર્તવાની અગત્ય છે, તેના નિયમોઃ–

૫—પ્રાતઃકાળે પતિના ઉઠયા પહેલાં ઉઠી, પ્રથમ સુહસિત વદને શ્રદ્ધાસહિત પતિના મુખનું દર્શન કરવું. પતિ પરદેશ હોય તો તેમની

સ્વામીનાં દર્શન કરવાં અને કદાચ તે ન હોય તો તેમના સ્વરૂપનું ધ્યાન કરવું. (વધુ વિગત માટે અમે પ્રસિદ્ધ કરેલું "સ્ત્રી નિત્યકર્મ" જુઓ)

૬—પથારીથી છુટાં પડી, પતિના ઉઠવા પહેલાં તેમને જોઇતી વસ્તુઓની (દાતણ, પાણી, માટી, ઈત્યાદિની) તૈયારી કરી રાખવી.

૭—પતિ નાહી ધોઇ તૈયાર થાય તેટલામાં ઘરના દરેક ભાગને તળે, ઉપર તથા ખૂણે ખાંચરેથી ઝાડી ઝુડી સાફ કરી તરત ન્હાઇ લેવું.

૮—પતિને મનપસંદ પાણીથી ન્હવરાવી, પહેરવાને વસ્ત્ર આપવાં અને પછી તેમના માટે ભગવદ્‌સેવાની સામગ્રીઓ તૈયાર કરવી.

૯—પતિ જે ધર્મ પાળતા હોય તે જ **ધર્મ** પોતે પાળવો; તેમનાથી વિરૂદ્ધ ધર્મનું સેવન, કોઇ કાળે પણ કરવું નહિ.

૧૦—પતિ ધ્યાન–પૂજનમાં બેસે તે સમયે તેમના ચરણમાં મસ્તક રાખી, નમ્ર ભાવથી અભિવંદન કરવું; અને પછી પતિદેવ અથવા સદ્‌ગુરૂ દ્વારા મળેલા મંત્રનો જપ, બને તેટલો અવશ્ય કરવો.

૧૧—એટલામાં બાળકોને જાગ્રત થવાનો સમય થયો હોય એટલે તેમના તરફ ધ્યાન આપવું.

૧૨—પતિને મોડાં ઉઠવાનો અભ્યાસ હોય તો બાળકોની પ્રથમ સંભાળ લેવી. આળસ એ દરેક માણસનો મ્હોટો દુશ્મન છે, માટે તેનો ત્યાગ કરી ઉદ્યમી થવું અને ઘરકામરૂપી યોગ્ય કસરત કરવી. "નવરૂં નખોદ વાળે" એ સાધારણ પણ કિંમતી કહેવત પર લક્ષ રાખી, ઉદ્યમમાં નિરંતર મચ્યાં રહેવું.

૧૩—બાળકોને ઉઠાડી, આંખ મ્હોં ધોઇ, વસ્ત્રો પહેરાવી સાવચેત કરવાં. પછી ઘરમાં જે જે વડીલ મનુષ્યો હોય તે સઘળાંઓને નિત્ય પગે લાગવા જવાની તેમના ઉપર ફરજ પાડવી. આથી બાળકોનું દેહાભિમાન ઓછું થશે અને વડીલોના રૂડા આશિર્વાદથી તેમને આયુષ્ય,

ચિત્તશુદ્ધિ, આસ્થા અને માતા-પિતાની ભક્તિરૂપ ઉત્તમ ફળો મળશે.

૧૪—બાળકોનો પ્રથમ ગુરૂ માતા, બીજો ગુરૂ પિતા અને ત્રીજો ગુરૂ આચાર્ય છે. આ ત્રણે ગુરૂજનો પાસેથી સારી પેઠે શિક્ષા પામેલું બાળક ઉત્તમ પ્રકારનું નિવડે છે. તેમાં પણ પતિ અને આચાર્ય કરતાં પણ **માતા** ઉપર વધારે જોખમદારી રહેલી છે; કેમકે આદિ આચાર્ય માતા છે, માટે પ્રથમ અવસ્થામાં બેસતા સંસ્કારો ઉપર માતાએ જ લક્ષ રાખવાની જરૂર છે.

૧૫—પોતાનાં બાળકોને શુદ્ધ તથા સાચું બોલતાં શીખવવું. તેમની પાસે લાડથી કાલું કાલું બોલવું નહિ. કદાચ કોઇ બીજું માણસ તેવા શબ્દો બોલતાં શીખવે અથવા તેમના પ્રત્યે બોલે તો વિવેકથી તેનો અટકાવ કરવો.

૧૬—બાળકોને નીચ સ્વભાવનાં, દુર્ગુણી તથા વ્યસની માણસોને રમાડવા માટે કદી પણ સોંપવાં નહિ; તેમજ ઝાઝા હાથમાં પણ બાળકોને રમાડવા આપવાં નહિ. આમ કરવાથી બાળકની ટેવ બગડતી અટકશે. બાળકોને ઝાઝા હાથમાં નહિ આપવાનાં બીજાં કેટલાંક છુપાં કારણો છે કે જે તન-મનનો બિગાડ કરે છે; વાસ્તે આ બાબતપર ખૂબ ધ્યાન આપવું.

૧૭—ખોટી બ્હીક ('બાહુ આવશે' એવી કોઇ પણ) દેખાડવાની તથા ક્રોધે ભરાઇ બાળકોને માર મારવાની ટેવ રાખવી નહિ, તેમજ કોઇની રીસ તેમના પર ઉતારવી નહિ. રોષ અથવા ક્રોધ કરવાથી કદી સારૂં પરિણામ આવતું નથી.

૧૮—બાળકોના દેખતાં પતિ સાથે અવિનય ભરેલી કોઇ પણ ટેવથી વર્તવું નહિ, તેમ જ કંઇ પણ કુચેષ્ટા કરવી નહિ.

૧૯—નિત્ય સમયસર સુઘડતા અને સાવચેતીથી પતિને પસંદ

હોય તેવી રૂચિકારક રસોઈ કરવી.

૨૦—અંતરમાં ઉત્સાહ રાખી પતિને, ઘરનાં તમામ નહાનાં મ્હોટાં માણસોને, બાળકોને તથા નોકરચાકરને જમાડી, પછી પોતે જમવું.

૨૧—અતિથિ (પરોણા), પતિના મિત્રો, પાસેના સગાઓ, તથા આશ્રિતો તરફ પણ ઉદાર બુદ્ધિથી અને માનની નજરે જોવું. વખત પ્રમાણે ઘટે તેવો તેમનો સત્કાર કરવો, પરંતુ કદી ઇર્ષાભાવ રાખવો નહિ. અદેખાઈ એ મ્હોટો દુર્ગુણ છે, એથી સ્નેહ-સંબંધ તૂટે છે અને શત્રુઓ વધે છે. વાસ્તે સારા ગુણો મેળવી મૈત્રિ વધારવી, સુજ્ઞતામાં સરસાઇ કરવી પણ કોઇની ઇર્ષા કરવી નહિ. પરાયું સારૂં જોઇ પ્રસન્ન થઇશું તો ઈશ્વર આપણું પણ સારૂં કરશે, એવું ખાતરીથી માનવું.

૨૨—રાંધતાં, ખાંડતાં, સોતાં, ઝાટકતાં, દળતાં, વીણતાં, ઝાડુ કહાડતાં તથા એવાંજ બીજાં કામો કરતાં ઝીણા જીવોની પણ હિંસા ન થાય તે માટે બને તેટલી કાળજી રાખવી.

૨૩—રાંધવાનું અન્ન નિત્ય નજર હેઠળ કરી (તપાસી) વાપરવું; તેમજ જળનો પણ ગાળ્યા વગર ઉપયોગ કરવો નહિ.

૨૪—ઘરમાં ભરી મૂકેલું અનાજ તેમજ બીજા કોઇ પણ પદાર્થો બગડી ન જાય તે માટે સાવધ રહેવું.

૨૫—ઘરનું કામકાજ કરવામાં દાસી જેવો શાંત સ્વભાવ રાખવો અને હલકામાં હલકું કામ કરતાં પણ મનથી ગ્લાનિ કે નાખુશી બતાવવી નહિ. (આ હલકાં કાર્ય નિંદાપાત્ર ઠરાવતાં નથી; માત્ર નિંદારૂપ થઇ પડે તેવાં કાર્યો કરતાં શરમાવું ને તે ન કરવાં.)

૨૬—રસોઇના કામથી પરવારી, અનાજનાં પાત્રો તપાસવાં અને બગડતાં અનાજની સાચવણી કરવી. આ કામો કરવાને ઘેર ચાકર હોય તો પોતે દેખરેખ રાખવી અને નવરાશની વેળાએ નીતિનાં ઉપયોગી

પુસ્તકો વાંચવાં. ખાલી નિંદા–કુથલીમાં વખત ખોવો નહિ. ' આટલો અભ્યાસ કરી અમુક પરીક્ષામાં પાસ થયાં, ' એ કશાની સ્ત્રીઓએ ખાસ કરી પરવા રાખવા જેવું નથી. ઘરસંસાર ઉત્તમ રીતે ચલાવતાં આવડે એજ સ્ત્રીઓની મ્હોટી પરીક્ષા છે. માટે પહેલું તેમાંજ ધ્યાન આપવું.

૨૭—સ્ત્રી જ પુરૂષનો ખરો મિત્ર અથવા પ્રધાન છે; માટે કોઇ-વાર મિત્રરૂપે અને કોઇ વાર પ્રધાનરૂપે પતિથી ભૂલ થતી હોય તો તક લઇ વિવેકથી સુધારવી. મંત્રિ જો હાએ હા કરી રાજાની ભૂલ લઇ ચલાવે તો તેની લાયકાતને લાંછન લાગે છે, તેમ જ એક ખરો મિત્ર મિત્રની ભૂલ ન સુધારે તો તે મિત્ર ખુશામતિઓ ઠરે છે અને તેથી રાજા અથવા મિત્રનું અહિત થાય છે. માટે સ્ત્રીએ પોતાનો ધર્મ બજાવવામાં પાછળ પડવું નહિ.

૨૮—પોતાને હાથે થતા ખર્ચનો હિસાબ રાખવો અને કયું અનાજ તથા કયી વસ્તુ કયે દિવસે ઘરમાં આવી તેની નોંધ રાખવી. આથી વરો ધ્યાનમાં રહેશે.

૨૯—કોઇ પણ વસ્તુનો ઉલટો ઉપયોગ ન થાય તેની કાળજી રાખવી.

૩૦—ઘટતી કરકસર કરવી. કહેવત છે કે,—

" ઘરની કસર ને વહાણની સફર. "

પણ અતિ કસરીઆં કે કૃપણ થવું નહિ; કેમકે લોભ પાપનું મૂળ છે.

૩૧—કોઇને અમુક આપવાથી અમુક ફળ મળશે, એવી લાલચ વગર નિત્ય શક્તિ પ્રમાણે નિષ્કામપણે દાન–પુણ્ય કરવું. એથી ચિત્તની શુદ્ધિ થશે ને ખરી શ્રદ્ધા વધવા લાગશે.

૩૨—પતિને પૂછ્યા વગર છાની રીતે દાન દેવું નહિ તેમજ ઉડાઉ સ્વભાવ રાખવો નહિ.

૩૩—નોકરચાકરથી તેમનો અધિકાર તથા તેમની અને પોતાની અવસ્થાનો વિચાર કરીને બોલવા બેસવાની છૂટ લેવી; પછી તે નોકર ગમે તો સ્ત્રી હોય કે પુરુષ હોય. વળી તેમનાથી હસવાની અથવા હાંસી-મશ્કરીની છૂટ તો લેવી જ નહિ. કહ્યું છે કે,—

"હસ્યું તે ફસ્યું"*

હાંસી-મશ્કરીની ટેવ રાખવાથી નઠારે માર્ગે ઉતરવાનો સંભવ છે ને પોતે તેથી હલકાં ઠરીએ છીએ.

૩૪—પોતાને નહાવા-ધોવાના, ઘરેણાં-લુગડાં પહેરવાના તથા સૂવાના સ્થાનમાં નોકરોને આવવા જવાની છૂટ આપવી નહિ; પણ તે વિષે પ્રથમથી જ ના કહી દેવી.

૩૫—ખાનગી સંદેશા કહેવરાવવાની તથા એકાંતમાં વાતો કરવાની નોકર ચાકરથી છૂટ લેવી નહિ; કેમકે એમ વર્તવાથી વખતે તેમનાથી દબાવું પડે છે અને પતિને કદી ભ્રાંતિ પડે તો તેનું પરિણામ ઘણું માઠું આવે છે.

૩૬—નોકરોથી-તેમાં પણ વિશેષે પુરુષવર્ગના નોકરોથી-પોતાની શારીરિક સેવા કરાવવી નહિ, એટલે કે પગ-માથું વગેરે દબાવવાં નહિ, હમેશ હુશિયાર રહેવું; ગફલત રાખવી નહિ.

૩૭—નોકરોને મોઢે ચઢાવવા નહિ તેમ તેમનો કદી અનાદર પણ કરવો નહિ. કામ પૂરતું વિચારીને બોલવું અને સામાન્ય ભાવથી વર્તવું.

૩૮—કામ વગર પારકે ઘેર જવું નહિ, તેમ પોતાના ઘરમાં પણ ચંડાળ ચોકડી જેવાં અનાચારી બૈરાંઓને એકઠાં કરી બેસવું નહિ.

૩૯—ઉંચે સાદે વાતો કરવાની ટેવ રાખવી નહિ, તેમ ઝાઝું અને જોશથી હસવું નહિ; પછી ચાહે પીયર હોય કે સાસરૂં હોય.

---

* "હસવાથી હાણી" વિષે જુઓ "ફુહાનકાવ્ય" પૃષ્ઠ ૪૫.

૪૦—જુદી જુદી જાતની રમત-ગમત તથા મેળા-તમાશામાં ભાગ લેવા પોતાની મરજીથી ઇચ્છા કરવી નહિ. વડીલો કહે તો તેમની સાથે પોતાની લાજ-મરજાદા જળવાય તેવી રીતે ભાગ લેવો.

૪૧—હળદર, કંકુ, કાજળ, સિંદુર, ચોળી, તાંબુલ, કાંસકી, કેશપાસ તથા મંગળાભરણ, એટલા પદાર્થોનો **સૌભાગ્યવતી** સ્ત્રીએ ત્યાગ કરવો નહિ; મતલબ કે ઘટતી રીતે શરીર સ્વચ્છ અને શોભીતું રાખવું.

૪૨—પતિ પરદેશ હોય ત્યારે સૌભાગ્ય ચિન્હો સિવાય વધુ પડતો શણગાર ધારણ કરવો નહિ.

૪૩—પતિના બોલવા-ચાલવાના ચાળા પાડવા નહિ તેમજ તેમનાથી પોતાના રૂપ, ગુણ અને લાવણ્યનું અભિમાન કરી, તેમની હલકાઇ અથવા ચેષ્ટા કરવી નહિ.

૪૪—દેવ-દર્શનનો અતિ ભાવિકડો સ્વભાવ રાખી, મંદિર મંદિર ભટકવું નહિ. સ્ત્રીને તો પતિ એજ સાચો દેવ છે.

૪૫—દૈવની ઇચ્છાએ મળેલા પતિના શરીરમાં દેવભાવ જ રાખવો; પછી તે ગમે તેવી ખોડખાંપણવાળો હોય એટલે કે આંધળો, પાંગળો, ઠુંઠો, કાણો, બહેરો, રોગી, કુરૂપી-ગમે તેવી વિકૃતિ પતિના શરીરમાં પ્રથમથી જ હોય અથવા પાછળથી થઇ હોય; તથાપિ તેમના વિષે દુર્ભાવ લાવવો નહિ. **પતિપ્રેમ** એ જ સ્ત્રીઓનો ખરો નિયમ છે, તે દઢતાથી સમજવું. જે સ્ત્રી પોતે પોતાનો ધર્મ ભૂલી (પતિવ્રત તજી) પરપુરૂષને ચ્હાય છે તેવી સ્ત્રીને તેનાં માતા-પિતા કે અન્ય કોઈ જ ઇચ્છતું નથી, અને ચોતરફથી તે અપમાન અને ફિટકાર પામે છે. વળી તેની સાખ જતી રહેવાથી જ્યાં ત્યાં હાડછેડ થઇ ઘણી દુઃખી થાય છે. પરંતુ પતિવ્રત પાળનારી સ્ત્રી ઠામ ઠામ પૂજનીય ગણાય છે.

સાધારણ એવી કહેવત છે કે "લાખ જજો પણ સાખ ન જશો." માટે સદા સંતોષી તથા ધર્મ પરાયણ થઈ, પતિના પ્રેમને પોષી, પ્રભુનું પ્રીતિપાત્ર બનવા પ્રયત્ન કરવો. તેથી આ લોકમાં કીર્ત્તિ અને પરલોકમાં શાંતિની સાથે મુક્તિ મળશે, એ નક્કી જ છે. દંપતીના પવિત્ર પ્રેમ આગળ ત્રિલોકનું સુખ કશી ગણત્રીમાં નથી, એમ ખાતરીથી સમજી, પ્રેમની નિત્ય વૃદ્ધિ કરવી.

૪૬—પતિ બહારથી ઘરમાં આવે કે તરત ઉભાં થઇને માન આપવું અને આસન તથા જલાદિકથી યોગ્ય સત્કાર કરવો. પણ જો બાળક ધાવતું હોય તો તેને છોડાવીને ઉઠવું નહિ; મતલબ કે વિવેક વાપરતાં વિપરીત ન થાય તેનો વિચાર રાખવો.

૪૭—પતિની પાસે હોઇએ ત્યારે વારંવાર તેમના મ્હો સામું જોયા ન કરવું; પરંતુ તેમના ચરણમાં જ દૃષ્ટિ રાખવી.

૪૮—સાંજે રસોઇ કરવાની હોય તો તે રસોઇનું અન્ન દિવસ છતાં જ સુધારી રાખવું.

૪૯—રાત્રિના ભોજનથી પરવારી સૂવાની જગ્યા તથા બિછાનું સ્વચ્છ કરી, પતિને પોઢાડવા ઇચ્છા હોય તો તેમના શરીરની સેવા કરી પછી પોતે શયન કરવું.

૫૦—સૂવાનાં સ્થાનક સિવાય પતિથી ઉંચા અથવા બરાબરનાં આસનપર બેસવું નહિ.

૫૧—પતિ સાથે કઠોર શબ્દમાં ભાષણ કરવું નહિ, પણ કોમળ, મધુરે સ્વરે અને વિનય સહિત હમેશાં બોલવું.

૫૨—પતિ સદા નચિંત રહે એવી ખાતરી ભરેલી ચાલ રાખવી. સ્ત્રીઓએ પોતાને વહાલામાં વહાલું અને મોંઘામાં મોંઘું પતિસમાન કંઇજ નથી એમ સમજવું; કારણ દરેક પોતાના ભાગ્યનું ભોગવે છે

પરંતુ સ્ત્રીનું ભાગ્ય તો તેના પતિના ભાગ્ય સાથે જોડાયલું છે, માટે સ્ત્રી પોતાના પતિનું જ ભાગ્ય ભોગવે છે એમ કહેવાય છે તે યોગ્ય છે.

૫૩—પતિપાસે બેસવાનો વિશેષ વખત મળતો હોય તો વિનતી કરી શીખામણની વાતો સાંભળવા આતુર રહેવું.

૫૪—દરેક વ્યવહારિક કાર્ય, પતિની સલાહ વગર કરવાની ઇચ્છા કોઇ દિવસ પણ કરવી નહિ; **અર્થાત્ મંત્રિની પેઠે દરેક બાબતમાં પ્રથમ તેમની સંમત્તિ મેળવવી. કદી સર્વ વાતની તેણે આપણને સત્તા આપી હોય તોપણ તેમને કાને નાખ્યા વિના પોતાની મરજીથી કોઇ કામ કરવું નહિ.**

૫૫—**ઘરમાં કોઇ પણ પદાર્થનું નુકશાન થઇ ગયું હોય તો તે** વાત **પતિથી છુપાવવાની** ઇચ્છા **નહિ કરતાં, પૂછ્યા પહેલાં** જ **ક્ષમા** માગી દોષ કબૂલ કરવો. વાંક સંતાડી ઠગવાની ધારણા રાખવી નહિ. વાંક છુપાવતાં બેવડો વાંક થાય છે ને માફીને બદલે ઠપકો તથા શિક્ષા મળે છે. પણ વારંવાર વાંક ન થાય તેની કાળજી રાખવી જોઇએ.

૫૬—જેથી દુઃખ થાય તેવી વાતો પતિને કહેવી નહિ. પતિનાં ચિત્તને પોતાના કુટુંબથી છુટું પડવાનો પ્રસંગ આવે એવાં વાક્યોનો ઉચ્ચાર સુદ્ધાં કરવો નહિ.

૫૭—બનતી સંભાળથી સહનશીલતા રાખી, સાસરિયાંના સઘળાં મનુષ્યોથી સદાય સંપીને ચાલવું; એટલુંજ નહિ પણ નમ્રતાથી વર્ત્તવું. કહ્યું છે કેઃ–

"સાસરિયાંની શૂળી સારી, પણ
પીયરિયાંની પાલખી નહિ સારી."

કારણ કે પતિની જ સાહેબી અથવા ગરીબીમાં તેની મજા **સમાયલી છે;** પિતાનાં પદની **સ્ત્રી અધિકારી નથી** જ. પિતા સજા હોય

અને પતિ રંક હોય, તો પણ રંક પતિ સાથે જે યશ અને સુખ મળે છે તે કદી રાજા પિતાને ત્યાંથી મળતું નથી; માટે પતિમાં અખંડ પ્રેમ અને લાગણી રાખવી.

૫૮—સાસરિયામાં કોઇપણ માણસથી બહુ મજબૂત કારણ વગર વિરોધ કરવો નહિ, તેમજ કોઇને મ્હેણાં-ટોણાં* મારવાની ટેવ રાખવી જ નહિ.

૫૯—કદાચ તે પક્ષનું કોઇ માણસ આપણને નાલાયક માલમ પડે તો બહારથી જરૂર જેટલો વ્યવહાર રાખવો; પણ તેને વધારે મ્હો-મન દેવું નહી.

૬૦—તેવાં દુર્ગુણી માણસોની સાથે એકાંતમાં રહેવું નહિ તથા ઉજડ ઠેકાણે અથવા કોઇપણ સ્થળે વિશ્વાસ કરી તેમની સાથે બહાર-માંહ્ય જવું નહિ.

૬૧—ઘરેણાં લુગડાંમાં† સદા સંતોષ રાખવો. પતિની સંપત્તિનો વિચાર કર્યા વગર માગ માગ કર્યા કરવું નહિ.

૬૨—ગરીબ સ્થિતિ છતાં જે માણસ લોભવશ થઇ સુખની લાલચે અવળે રસ્તે ઉતરી પડે છે તે પકડાયા વિના રહેતું નથી, કારણ પાપ છાપરે ચ્હડીને પુકારે છે અને સર્વવ્યાપક ઇશ્વર તે જોય છે. એટલે દુઃખ જ ઉપજશે એમ નિશ્ચયથી માની, ગરીબીમાં અથવા મળેલી સ્થિતિમાં સદા સંતોષપૂર્વક રહેવું.

૬૩—"પુણ્યે પાપ ઠેલાય" એ કહેવત પકડી કોઇ કોઇ સ્ત્રી-પુરૂષ, પાપના બદલામાં પુણ્ય કરે છે અને ફરી ફરી પાપ કર્યા કરે છે અને પાછું પુણ્ય કરે છે. પણ એથી કાંઇ પાપ ટળતું નથી, માટે

* "મિથ્યા મારો ન મ્હેણાં"-જુઓ "કહાનકાવ્ય" નવી આવૃત્તિ.
† "શોભા તે શા કામની"-જુઓ "કહાનકાવ્ય" પૃષ્ઠ ૫૬.

પાપને માર્ગે પ્રથમથીજ પગલું ભરવું નહિ. કેમકે પાપનું ફળ તો ભોગવવું જ પડે છે.

૬૪—મનને અતિ કામવશ બનાવે એવાં અત્તર, પાક, પદાર્થોની ઇચ્છા કરવી નહિ. બનતાં સુધી કોઇપણ ચીજને જોઈ લલચાવું નહિ. માત્ર શરીરનાં તથા સૌભાગ્યનાં રક્ષણ માટે જે પદાર્થો જોઇએ તેનુંજ સેવન કરવું.

૬૫—વસ્ત્ર તથા ઘરેણાં એવાં ન પહેરવાં કે જેથી પોતાની તોછડાઇ જણાય; તેમજ બહુ છટાદાર પોષાક પહેરવાની તથા બોલવા–ચાલવાની ટેવ પણ રાખવી નહિ.

૬૬—સાદો અને શોભિતો પોષાક પહેરવો; બોલવા ચાલવાની ઢબ છબ પણ સરળ અને પ્રૌઢ રાખવી.

૬૭—લસણ, કાંદા (ડુંગળી,) ગાજર વગેરે હલકા પદાર્થો ખાવાના ઉપયોગમાં લેવા નહિ, કેમકે તેથી બુદ્ધિ નીચ અને નિર્દય થાય છે; એટલુંજ નહિ પણ મન અધીરૂં થઈ અવળે માર્ગે અથડાવે છે.

૬૮—બાળકોનું રક્ષણ કરવામાં તેમજ પોતાનાં શરીરસંબંધી કાર્ય કરવામાં કોઇપણ તરેહનો સંકોચ વેઠવો નહિ.

૬૯—માર્ગે જતાં ન્હાનાં–મ્હોટાંની મરજાદા રાખી ચાલવું. ઉછાંછળી, બેદરકારી તથા મદભરી ચાલથી છેલ બની ‘લોક મ્હારા તરફ કેમ જુએ અને હું સહુમાં દેખાવડી કેમ લાગું’ એવું ધારી પગલાં ભરવાં નહિ; પરંતુ ગંભીરતાથી સામાન્યપણે ચાલવું.

૭૦—શીયલવ્રત પાળતાં પ્રાણ દેહથી જુદા પડી જાય તોપણ ચિંતા નહિ, એવી ટેક* રાખવી. કારણ શીયલ એ જ સ્ત્રીનો પરમ ધર્મ અને ખરો શણગાર છે.

---

*“ દૃઢતાનું માહાત્મ્ય ”–જુઓ “ પરમપદબોધિની ” પૃષ્ઠ ૧૯૨.

૭૧—ધોબણ, નાયણ, સાધુડી, માલણ એ જાતિની સ્ત્રીઓ ભાગ્યેજ સારી હોય છે, માટે પરીક્ષા કરી તેવી સ્ત્રીઓ સાથે પ્રસંગ પાડવો; પરંતુ સાહસ કર્યું ગણાય તેવી સોબત તો કરવી જ નહિ.

૭૨—પતિનો દ્વેષ કરનારી તથા પતિના શરીરમાં જેની પ્રીતિ-ભક્તિ ન હોય તેવી સ્ત્રીઓ સાથે વાતચિતનો પણ પ્રસંગ રાખવો નહિ.

૭૩—રતિસુખના સમય વગર બીજી કોઈ પણ વાતમાં ચાહે પોતે રૂપ-ગુણ-યૌવન-વિદ્યા અથવા ધનમાં અધિક હોઇએ તોપણ પતિથી પોતાની વડાઈ કરવી નહિ.

૭૪—પતિ જે જે વસ્તુમાં પ્રેમ રાખતા હોય, તે જ વસ્તુમાં પોતે પ્રેમ રાખવો; પતિને રાજીપે રાજી અને પતિને ખેદે ખેદિત રહેવું: મતલબ કે સુખ-દુ:ખમાં એકરૂપ થઇનેજ વર્તવું. કેમકે સતીને તો પતિ એજ ગતિ છે.

૭૫—વ્રત-ઉપવાસ અથવા કાંઈ નિયમ રાખવા ઇચ્છા થાય તો પતિને પૂછી તે આજ્ઞા આપે તો જ શરીર સાચવી તેનું આચરણ કરવું.

૭૬—જુઠું ભાષણ કરવાની, જુઠાં આળ ચ્હડાવવાની તથા વૃથા ક્લેશ કરવાની ટેવો રાખવી જ નહિ; કેમકે તે ટાળતાં બહુ મહેનત પડે છે.

૭૭—જે કામ કરવાની પતિની ઇચ્છા ન હોય, તે કામ તરફ વેરભાવથીજ જોતાં રહેવું; મતલબ કે તેવાં કામ કરવાનું લેશ પણ મન કરવું નહિ.

૭૮—કુલીન કાન્તાએ પોતાના પુત્રો કરતાં પણ પતિમાં વધારે પ્રેમ રાખવો: કારણ ખરૂં દૈવત પતિજ છે.

૭૯—ભયના પ્રસંગ વગર પતિને નિદ્રામાંથી જગાડવા નહિ, તેમજ પોતાના કોઇ પણ સાધારણ કામમાં તેમને મહેનત આપવી નહિ.

૮૦—પતિને જે વાત પસંદ પડતી ન હોય તેનો ઉચ્ચાર સરખો

કરવો નહિ ને તે વાત તો મનમાંથીજ કહાડીજ નાખવી.

૮૧—પતિ બહારથી આવે કે તુરત જ તેમનાથી વાતો કરવા લાગવું નહિ; પણ જ્યારે સ્થિર થાય ત્યારે ઘાટે પડતે પ્રસંગે કંઈપણ કહેવાનો સ્વભાવ રાખવો.

૮૨—મંગાવ્યા છતાં પતિ કદાચ કોઇ વસ્તુ લાવ્યા ન હોય તો ભોજન અથવા પૂજન કરતી વેળા તેની ઉઘરાણી કરવી નહિ. પણ જ્યારે મન શાન્ત હોય ત્યારે નમ્રતાપૂર્વક યાદ આપવી.

૮૩—રતિકાળે કોઇપણ વાતનો વિવાદ કરવો નહિ; કોઈ પદાર્થની માગણી કરવી નહિ; તેમજ કોઇપણ વાત કબુલાવી લેવી નહિ. ઘણી સ્ત્રીઓ એ કાળ સાધે છે, પણ તે બહુ અયોગ્ય છે. તે કાળે પોતાની કોઇપણ જાતની ઇચ્છા પૂરી પડાવી લેવાના વિચારમાં રહેવું એ અધમતા છે, માટે પૂર્ણ આનંદમય વૃત્તિથી જ રહેવું અને પતિના ચરણ તથા ચ્હેરાનું ભક્તિપૂર્વક ધ્યાન કર્યા કરવું. (કારણ ગૂઢ છે.)

૮૪—પતિથી કાંઈપણ વાત કરવી હોય, પુછવું હોય કે કાંઇ લેવું-દેવું હોય તો નરમાશ ભરેલા શબ્દોથી કહેવું. સર્વ સાથે સભ્યતાથી બોલવું—ચાલવું; કેમકે વિવેક એ જ મનુષ્યનું ભૂષણ છે.

૮૫—તોછડા (હલકા) અથવા માર્મિક શબ્દોમાં બોલવું નહિ અને મ્હેણાં—ટોણાં* તથા અબોલાના બોલો પણ બોલવા નહિ.

૮૬—લગ્નાદિક પ્રસંગે ફટાણાં વગેરે હલકાં ગીત ગાવાં નહિ, મસ્કરી કરવાની ટેવ રાખવી નહિ અને હાસ્ય કરવું તો એવું કે જેથી કોઇને હલકું ન લાગે અને ખુશી ઉપજે. કદી તેમ ન આવડે તો મુગાં રહેવું, એજ ઉત્તમ છે.

૮૭—હાસ્યમાં એટલે હસતાં હસતાં પણ કોઇ જાતના દુઃખ-

* "મિથ્યા મારો ન મ્હેણાં:"—જુઓ "કહાનકાવ્ય"નવી આવૃત્તિ.

કારક બોલ બોલવા નહિ અને અપશબ્દોનો તો ઉચ્ચાર સરખો પણ કરવો નહિ.

૮૮—ગુસ્સાને મારે અબોલા લઇ બેસવું નહિ, પરંતુ વખત વીતે એટલે ફરી પ્રસન્ન વદને વિનયસહિત બોલવું.

૮૯—પ્રત્યુત્તર એટલે જેને સામા બોલવું કહે છે, તેવું નહિ થાય તેની કાળજી રાખવી, તેમ તાણીને પણ બોલવું નહિ.

૯૦—પતિ સન્મુખ પગપર પગ ચ્હડાવીને અથવા લાંબા પગ કરીને બેસવું નહિ.

૯૧—પતિ જે કાંઇ વસ્તુ લાવી આપે તે કાળજીથી સંભાળી રાખવી; તેમ જ તેનો ખર્ચ પણ વિચારીને કરવો. સંઘરી રાખેલી થોડી વસ્તુ પણ કોઇ કાળે ઘણી કિંમતી થઇ પડે છે ને મ્હોટો લાભ આપે છે.

૯૨—પતિની સેવાથી દરેક કાર્યોને ઓછી કિંમતનાં જાણવાં અને હજાર કામ પડતાં મૂકી તેમની આજ્ઞાપર પહેલું ધ્યાન આપવું.

૯૩—દૈવયોગે પતિના શરીરને રોગાદિક થઇ આવે તો એકદમ ગભરાવું નહિ: પણ સાવધ રહી તન-મન-ધનથી સેવા કરવી તથા ધીરજ અને હિંમત આપી ઇશ્વિરસ્મરણ કરાવ્યાં કરવું.

૯૪—પતિ પ્રેમવશ થઇ આપણા ગુણનાં વખાણ કરે તો તે સમયે તેમના પવિત્ર ચરણોમાં દૃષ્ટિ રાખી મૌન રહેવું; અથવા નમ્ર શબ્દોથી દાસભાવ અને સ્વધર્મ પ્રકટ કરવો.

૯૫—શરીરની છાયા જેમ શરીરની સાથેજ હોય છે, તે પ્રમાણે સ્ત્રીએ પોતાના પતિનેજ અનુસરવું, મતલબ કે સર્વ વાતે પતિના મતને અનુસરી તેઓ ખુશી રહે તે પ્રમાણે આજ્ઞાઓ પાળવી.

૯૬—પ્રસંગે પતિથી ભૂલ થયેલી જણાય તો તુરત ફુલાઇ ઉપદેશ દેવા બેસવું નહિ; પણ ભૂલ થયા પહેલાં સૂજ પડતી હોય તો વિનતિ રૂપે ચેતવણી કરવી.

૯૭—પતિની પ્રત્યક્ષ આજ્ઞા વગર કોઈપણ વસ્તુની લેવડ દેવડ કરવી નહિ અને કોઇ પણ સાહસમાં ઉતરવું નહિ.

૯૮—સ્વચ્છતા એજ સ્વર્ગ છે; માટે પોતાની શક્તિ પ્રમાણે ગમે તેવી અવસ્થામાં હોઇએ તોપણ શરીરથી, વસ્ત્રોથી, બાળકોથી તથા ઘરથી સર્વ પ્રકારે સ્વચ્છ રહેવાનો સ્વભાવ પાડવો.

૯૯—દરેક વસ્તુ ઠેકાણાસર ઠીકઠાક ગોઠવી રાખવી. જે તે જ્યાં ત્યાં પડ્યું છે એમ થવા ન દેવું. જે વેળા જે જોઇએ તે વેળા તે તરત મળી આવે અથવા લઇ શકાય, તે માટે દરેક પદાર્થોને રાખવાનાં સ્થાનક નક્કી કરવાં; તેમજ જે પદાર્થ જ્યાંથી લીધો હોય તેને પાછો ત્યાંજ મૂકવો.

૧૦૦—જાદુ, કામણ, મંત્ર જંત્ર, તંત્ર, અથવા તોટકા પતિને વશ કરવા માટે પોતે શીખવા નહિ; કદાચ કોઇ પોતાનો અનુભવ પ્રકટ કરી તેમ કરવા મોહ બતાવે, તો તેમાં ફસાવું નહિ—તેવી પંચાતમાં પડવું જ નહિ; કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ પતિને અને સાસરાંને વશ કરવા માટે દોરા, ચિઠ્ઠી, માદળિયાં, વગેરે કરાવતાં ધુતારાના ઢોંગમાં ફસી જઈ ધન તથા આબરૂ ખોય છે અને ઉલટું પરિણામ આવ્યાથી મહા મોટા સંકટમાં સપડાય છે, માટે કદી એવી ઉલટી ઇચ્છા સ્વપ્નામાં પણ કરવી નહિ.*

૧૦૧—પવિત્ર પ્રમદાઓએ સતી ગુણચંદ્રિકા, સત્સંગશિરોમણી, ગૃહિણીસુવિચારમાળા, કહાન કાવ્ય, મહિલા પ્રબોધિની વગેરે એવાં પુસ્તકો વાંચવાં કે જેથી **સ્ત્રીધર્મ** ઉત્તમ રીતે સમજાય અને તે પાળવાપર

(દોહરો.)

જાદુ ટોણા જંત્ર પુનિ, મંત્ર કરો જિ ન કોય;
કંત કહે સો કીજિયે, આપહિશું વશ હોય..

(साहित्य-रत्नाकर)

પ્રીતિ ઉપજે. ધર્મમાં શ્રદ્ધા રાખવી, પરંતુ ધર્મને નામે ઢોંગમાં ફસાવું નહિ. કર્ત્તા-હર્તા ઇશ્વર સિવાય કોઇ નથી એમ ખાતરીથી સમજી, મન મજબૂત રાખવું.

૧૦૨—પોતાનું ભરણ-પોષણ કરનાર, સર્વ શૃંગારના શણગાર, મસ્તકના ચૂડામણિ, તન-મનને શાંતિ પમાડનાર, જીવનનાં કારણરૂપ, પ્રાણના આધાર, તન-મનના સ્વામી તથા સર્વ દેવના આશ્રયરૂપ પતિને વિષે સતી સ્ત્રીએ પરમાત્માની બુદ્ધિ રાખી, સર્વ વાતે પરાયણ રહી. પોતાના જીવિતને સફળ કરવું.

૧૦૩—પતિ જ્યારે ઘર-સંસારને લગતાં કામમાં હોય ત્યારે તેમના વિષે શ્રીબ્રહ્માની ભાવના કરવી; કામ શૃંગારાદિક ક્રિડાઓની કળાઓમાં તત્પર હોય ત્યારે તેમના વિષે શ્રીવિષ્ણુ ભગવાનની ભાવના કરવી, અને જ્યારે પ્રસંગોપાત ક્રોધાદિકમાં અથવા તેવીજ બીજી ખટપટમાં જોડાયા હોય ત્યારે શ્રીરૂદ્ર એટલે મહાદેવની તેમના વિષે ભાવના કરવી; મતલબ કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપ પોતાના પતિજ છે, એમ નિરંતર ચિંતન કરતાં રહેવું.

૧૦૪—સ્ત્રીશરીરીને માટે પતિદેવ વિના અન્ય કોઇ દેવ ઉપાસવા યોગ્ય નથી: એમની સેવા સમાન બીજું કોઇ વ્રત નથી અને પતિ-પરાયણ થયા વિના ઉદ્ધાર પામવાનો એકે માર્ગ નથી, એમ સતશાસ્ત્રો અને સતપુરૂષો વારંવાર પુકારીને કહે છે; માટે પતિથી ઇશ્વરનો અભેદ માનીને સર્વ સ્ત્રીઓએ તેમની આજ્ઞા પ્રમાણે વર્તવા, તેમને સારી રીતે અનુકૂળ રહેવા તથા તેમનીજ વૃત્તિને અનુસરવામાં જરા પણ આળસ કરવું નહિ.

૧૦૫—પતિ-પત્નીનો સંબંધ એવો અદ્વિતીય અને દૃઢ છે કે સર્વ સંબંધ એથી પાછળ પડે છે; માટે પરસ્પર દમ્પતિએ પ્રેમ, વિશ્વાસ, લાગણી અને એકમેકની કાળજી રાખી વર્તવું એજ સત્ય સુખો મેળવવાનો સહેલામાં સહેલો માર્ગ છે.

उपसंहार.

(ચેતવણી.)

દેવતાઓ જેવી રીતે મંત્રને આધીન છે, તેવી રીતે આખો આ સંસાર સેવાને આધીન છે. સેવારૂપી મોહનમંત્ર જેવો આખા જગતને વશ કરે છે, એવા બીજા કોઇ સમર્થ મંત્રો નથી. શ્રદ્ધાસહિત સેવારૂપી મોહનમંત્રનું અનુષ્ઠાન કરવાથી પતિને વશ કરવામાં વિજય મળશે. પતિઘેલાં થયા વિના પતિને વશ કરવાનો પ્રયત્ન કરવો તે વૃથા છે. અન્ય મિથ્યા ઉપચાર કરવા કરતાં સેવારૂપી ખરો ઉપચાર કરવો, એજ સર્વને માટે યોગ્ય છે. સેવાધર્મ અતિ અઘરો છે, પણ જેને તે પાળવાની ટેવ છે, તેને તે કાંઇ કઠણુ નથી. સેવાથી પોતાના આત્માની ચ્હડતી ઇચ્છનારે પ્રથમ પોતાની ઇંદ્રિયોના ખાનપાનની શુદ્ધિ કરવાની જરૂર છે. વિરૂદ્ધ આહાર તજવાથી શુદ્ધ આહારનું સેવન થાય છે. વિરોધી કઠિણુ ઉપચારનું સેવન કર્યા વિના રોગની શાંતિ થતી નથી, માટે સદાચારના નિયમથી જેટલા વિરૂદ્ધ આચાર હોય તેનું પ્રથમ નિરાકરણુ કરવું. પછી તેનો નાશ કરનારા વિરોધી પદાર્થો સેવવા, એટલે આ ભવરૂપી ભયંકર રોગનું ધીરે ધીરે નિવારણુ થશે. એટલા માટે સર્વે ઇંદ્રિયોને વશ કરવાના નિશ્ચયપર આવી પ્રયત્ન કરવો, પણુ ઇંદ્રિયોને વશ થવું નહિ. વશ થયેલી ઇંદ્રિયો જ હિતકારક મિત્રરૂપ છે અને વશ નહિ થયેલી ઇંદ્રિયો ત્રાસદાયક શત્રુરૂપ છે. ઇંદ્રિયો દશ છેઃ—આંખ, કાન, નાક, જીભ ને ચામડી એ પાંચ જ્ઞાનેંદ્રિય, અને વાણી, હાથ, પગ, ગુદા, તથા ગુહ્યદેશ એ પાંચ કર્મેંદ્રિય.

ચૈતન્યના આભાસયુક્ત જે મન છે, તેજ ઉપર કહેલી ઇંદ્રિયોને સ્વભાવથી પોતાને પ્રિય વિષયોમાં પ્રીતિ અને અપ્રિય વિષયોમાં અભાવ

કરાવે છે. પછી તેના સંસ્કાર બંધાય છે. સંસ્કાર બંધાયા પછી મન તથા ઇંદ્રિયોની ઈચ્છા ન હોય છતાં પણ જોરાવરીથી તે વિષયો ભણી ખેંચે છે. જ્ઞાનેંદ્રિયના વિષયભોગને માટે જ કર્મેંદ્રિયો છે, માટે તેના વિષયો પણ પાંચ છેઃ-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. એ પાંચ વિષયો ખરેખર વિષ એટલે ઝેરરૂપ જ છે. તેમાં જો એક જ વિષયને પણ કોઇ પ્રાણી વશ થઇ જાય તો તે પોતાની મેળે પોતાનો નાશ કરનાર નિવડે છે; કેમકે વિષય વશ થયેલા એવા જીવને પોતાના દેહનું ભાન પણ રહેતું નથી. એક એક

વિષયને વશ થયેલ પ્રાણી પોતાની હાની કરનાર પોતે કેવી રીતે બને છે, તેનાં ઉદાહરણોઃ—

૧ **શબ્દ**—એ કાનનો વિષય છે. તેને વશ થયેલું હરણ, પોતાનો નાશ પોતાની મેળે કરાવે છે. જંગલમાં વસનારા પારધી એક જાતનું ઘટિક નામે એવું વાજીંત્ર વગાડે છે કે તેનો અખંડ એકરસ અવાજ સાંભળી, હરણિયાં તેમાં એટલાંબધાં મોહિત અને લીન થઇ જાય છે કે તેઓ ટોળે મળી, તે ઘટિક વગાડનારના ઘર પાસે ચારે કોર વીંટળાઇ વળે છે અને હથિયારવડે મારતાં છતાં પણ ખસતાં નથી. પછી પારધીઓ સહેલથી તેમનો નાશ કરે છે અને તેજ પ્રમાણે મોરલીનો મધુર સ્વર સાંભળી તેને વશ થયેલો સર્પ પણ વાદીના કરંડીઆમાં પૂરાઇ બંધનને પામેછે.

૨ **સ્પર્શ**—એ ચામડીનો વિષય છે. તેને વશ થયેલો હાથી હાથિણીના સ્પર્શ માટે બંધન તથા નાશને પામે છે, તેનું દૃષ્ટાન્તઃ-જે દેશમાં હાથી ઘણા હોય છે, તે પ્રાંતના લોકો એક બનાવટી ખુબસુરત હાથિણી બનાવી, તેને ચારે મેરથી ઘેરેલાં મ્હોટાં મેદાનમાં ઉભી રાખે છે.

દાખલ થવાને એક મ્હોટો દરવાજો બનાવી નીચે એક મ્હોટો ખાડો ખોદી રાખે છે ને ઉપરથી તે માર્ગને ઘાસ પાતરાં જેવા પદાર્થોથી ઢાંકી દેછે. પછી ત્યાંથી હાથી નીકળતાં બનાવટી હાથિણીનાં પુષ્ટ અને મદ ભરેલાં અંગોને જોતાંજ મોહિત થઇ જાય છે. અંતે એકદમ લોભાઈ હાથિણીનાં સુંદર અંગોને સ્પર્શ કરવા જોશથી જેવો ધસે છે કે તુર્ત જ પેલા ખોદેલા ખાડામાં જઇ પડે છે. પછી શિકારીઓ તેને જીવતો ઝાલી તાબેદાર બનાવે છે અથવા હાડકાંના (હાથીદાંતના) લોભે મારી નાખે છે. વળી પઢાવી રાખેલી જુવાન હાથિણીઓ, જંગલી હાથીઓને પોતાનાં અંગોના સ્પર્શ માટે લોભાવી, ક્રિડા કરાવતી શિકારીઓએ બનાવી રાખેલા અઘડ એટલે વાડામાં લઇ આવે છે. એ હાથી પણ જેવો વાડામાં દાખલ થાય છે કે શિકારીઓ બારણાં બંધ કરી ચિપીઆ નાખી સાંકળો વડે બાંધી લે છે.

૩ રૂપ—એ આંખનો વિષય છે. તેને વશ થયેલા પતંગીઆ દીવામાં ઝિપલાવી કેવી રીતે જીવ ખોય છે, તે જાણીતું છે.

૪ રસ—એ જીભનો વિષય છે. તેને તાબે થએલું માછલું ખાવાની લાલચે જાળમાં ફસી તરફડીને મરણ પામે છે.

૫ ગંધ—એ નાકનો વિષય છે. તેને આધીન થયેલો ભમરો દિવસ આથમતાં કમળ જ્યારે બીડાઇ જાયછે ત્યારે ગંધવાળા પુષ્પ-પરાગમાં દિવસભર લોટી લોટી તેમાંથી ઉડી જવાના વિચારમાં ને વિચારમાંજ કમળમાં પૂરાઇ જાય છે. પછી રાત્રે જ્યારે હાથીઓ જળ પીવા આવેછે ત્યારે તે પૂરાયેલો ભમરો પણ કમળની સાથે હાથીનો ભોગ થઇ પડેછે; અથવા તો કમળમાં જ ગુંગળાઇને મરી જાય છે.

અહો! ઇંદ્રિયોને વશ થવાથી કેવું વિચિત્ર પરિણામ આવેછે ?! નાશ સિવાય બીજું કશું ફળ નથી. એકજ ઇંદ્રિયને વશ થવાથી જો

આમ નાશ થાયછે તો પાંચેને વશ થવાથી શી ગતિ થાય? માટે ઇંદ્રિયો તથા તેના વિષયોમાંથી દિવસે દિવસ આસક્તિ ઓછી કરી તેમને તાબે કરવાં; પણ આપણે તેનાં તાબેદાર થવું નહિ. ઇંદ્રિયોને તથા વિષયોને વશ રાખનાર માણસ પોતાની મ્હડતી કરી અતિ દુર્લભ એવા મોક્ષ પદાર્થને મેળવી શકે છે અને રાત્રિ-દિવસ ફરતી આ જન્મ-મરણરૂપી ઘટમાળથી મુક્ત થઇ, પરમાત્માનાં સ્વરૂપને પામે છે. સાકાર દેવની ઉપાસના-ભક્તિ જ્યાંસુધી પૂર્ણપણે ન થઇ શકે ત્યાં સુધી નિરાકારના પરિપૂર્ણ સ્વરૂપમાં ચિત્ત ચોટતું નથી; વાસ્તે સ્ત્રીઓએ પોતાના સાકાર દેવરૂપ ભર્તારની શ્રદ્ધાસહિત તન-મન-ધનથી ઉત્તમ ભાવવડે ઉપાસના કરવી. સ્ત્રીઓ માટે એ જ ખરો વશીકરણ મંત્ર તથા તરવાનો ઉપાય છે.

(ભૈરવી-પદ.)

રમણી રામા, પ્રેમામૃત નિત પતિને પાય.
સુખે મ્હાલે, પ્રીતે પૂજી પતિના પાય. રમણી રામા૦ (ટેક)

સદ્દગુણિ સુંદરિ સુઘડ સુરંગી, રસિયાસું રંગ રેલી;
રતિપતિ સમ રઢિયાળા નાથને નિત્યે રહિને ન્હાય. રમણી૦ ૧
મોહિની મંત્ર મનોહર માનો, પ્રાણેશ્વર ગુણગાનો;
શુદ્ધ મનેથી ગાઓ, ગાઇ રિઝાવો ગુણિયલ રાય. રમણી૦ ૨
ધર્મ અર્થ ને કામ મોક્ષ એ, ચાર પદારથ પામે;
ઇશ્વર સમ પતિ જાણે, સદા સુખી કરશે જગરાય. રમણી૦ ૩
પૂર્ણ પૂર્ણિમા ચાંદનિ ખીલી, પતિ પ્રિયા સુખ હેલી;
ગાન તાન ગુલતાને, રચી નદિ ઝીલો આ વહિ જાય. રમણી૦ ૪

(ગુ. ગિ.)

સ્ત્રી-કર્ત્તવ્ય.

(શાર્દૂલ.)

નારી નિત્ય રહે પ્રસન્ન ન મુકે, સૌભાગ્ય ચિન્હો કદા,
સંભાળે ઘર સાફ વસ્તુ સઘળી, પાત્રાદિ રાખે સદા;
જે સંપત્તિ વિપત્તિ હોય ઘરમાં, તે ના જણાવે કદી,
રાખે લાજ સમાજમાં જઇ જનો-પાસે ન નાંખે વદી. ૧
ઝાઝું બાહર ના ફરે પર નરો સાથે ન વાતો કરે,
લજ્જા ચિત્ત સદા ધરે ન જનમાં, ઉંચે સ્વરે ઉચ્ચરે;
સેવા પ્રેમ ભરે કરે પ્રિયતણી, તેના શ્રમોને હરે,
કાંઇ ગુપ્ત ન આચરે, ગુરુજનો-ની શીખ તે આદરે. ૨
નારી નિત્ય સહાય થાય પતિ જે ધર્મો કરે તેહમાં,
કો કાલે પ્રિયથી વિયોગજ નહિ, ઇચ્છે રહી સ્નેહમાં;
પાળે પોષણથી પ્રજા અશુભ જે ધારે ન તે દેહમાં,
સંભાળી સહુ વાપરે સ્વપતિ જે, લાવી મુકે ગેહમાં. ૩

(ભુજંગી.)

કરી ક્ષેમ સંસાર સંભાળનારી, કરે કાન્તની અંગ સંભાળ નારી;
કરી યત્ન લજ્જા વધામાં વધારે, કુલાચાર પાળે ખરા માનિ ભાવે. ૧
અહો ઇશ આપો કરી સૌખ્ય વારો, સહૂ સંપ સંપત્તિ સદ્‌ભાવ ધારો;
પ્રિય કાન્તમાં પ્રેમ શોભા વધારો, સહૂ સંપ સંપત્તિ સદ્‌ભાવ ધારો. ૨

(સુભાષિત-લહરી.)

સતી દ્રૌપદીએ સત્યભામાને સૂચવેલું પતિ-વશીકરણ.

(સૌ. માણેકબાઇકૃત "મહિલાપ્રબોધિની" માંથી)

સંસારનું બંધારણ ગમે તેવું પ્રતિકૂલ છતાં મનુષ્ય માત્ર સુખના અનુકૂળ શોધમાં લાગેલાં છે; પરંતુ સત્ય સુખ શું, તે જ્યાં સુધી તેઓના જાણવામાં આવતું નથી ત્યાં સુધી દુઃખનીજ પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રકારોએ તેથી સંતોષ, સમતા અને સદાચારનેજ સુખનાં સાધન માની, તેમાંજ ચિત્ત લગાડવા બોધ કર્યો છે; કેમકે એથી નાના પ્રકારના ક્લેશો નિવૃત્ત થઇ, શાંતિ મળે છે. આમ છતાં સાધારણ સ્ત્રીઓજ નહિ પણ મહા મોટી દેવાંગના અથવા દેવપત્નિઓ સુધાં, સુખની તૃષ્ણામાં તણાઇ કેવા સંકલ્પ વિકલ્પ કરે છે તે સતિ દ્રૌપદીએ અને શ્રી કૃષ્ણ પરમાત્માનાં પ્રિય પટરાણી સત્યભામાએ પૂછેલા પતિ વશીકરણના ઉપચાર વગેરે પ્રશ્નોથી જાણી શકાય છે. એ પ્રસંગે સતિ શિરોમણીએ તેમના મનનું કરેલું સમાધાન આપણે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે; કેમકે તેમાં સ્ત્રી-ધર્મનો સમાવેશ કરવામાં આવ્યો છે અને મંત્ર-તંત્ર વગેરે અયોગ્ય ઉપચારથી કેવી હાની થાય છે તે બતાવવામાં આવ્યું છે.

સત્યભામાએ દ્રૌપદીને પૂછ્યું કે—"તમારા પતિ મોટા લોકમાળ જેવા શૂર અને શરીરે સુદૃઢ છે અને હે શુભ સ્ત્રી તે તમારા ઉપર કોઇ દિવસ ક્રોધ કરતા નથી તેનું કારણ શું છે? તમે એવું કયું વ્રત કરીને, કયું તપ કરીને અથવા કયા મંત્ર-તંત્રના પ્રભાવે પતિને વશ કર્યા છે તે કહો; કેમકે મારા પતિ શ્રીકૃષ્ણ સર્વથા મારે વશ રહે એવું હું ઇચ્છું છું."

દ્રૌપદીએ ઉત્તર આપ્યો કે,—"હે યશસ્વીની સત્યા! સંસારસુખનાં લોભી થઇ પતિને વશ કરવાના ઉપાય પૂછવા, એ તમારા જેવાં બુદ્ધિશાળી અને શ્રીકૃષ્ણનાં પટરાણીને બિલકુલ છાજતું નથી. એ માર્ગ દુરાચારી સ્ત્રીઓનો છે; કેમકે પોતાની સ્ત્રી મંત્ર-તંત્ર અથવા વશીક-

રણના ખોટા પ્રસંગો સાધવાનું જ્યારે પતિના જાણવામાં આવે, ત્યારે સર્પવાળા ઘરમાં વાસ કરનાર મનુષ્ય જેમ ઉદાસ અને ચિંતાગ્રસ્ત થાય છે, તેમ તેવી સ્ત્રીઓના પતિને પણ સંતાપ ઉત્પન્ન થાય છે. એવા ઉપચારથી પતિ વશ થતો નથી, પણ ઉલટું મહા અનિષ્ટ પરિણામ આવે છે. શત્રુઓ તેવી સ્ત્રીઓને ઔષધ આપી, તેના પતિને ભયંકર રોગ ઉત્પન્ન કરે છે; એટલુંજ નહિ પણ વશીકરણનાં મૂળીઆંને નામે વિષ સુધાં આપે છે, કે જે વિષ અથવા ઝેરી ચૂરણો જીભ ઉપર મૂકતાં કિંવા શરીરે ચોપડતાંજ મનુષ્ય મૃત્યુ પામે! કેટલીક મૂર્ખ સ્ત્રીઓએ આવા ઉપચાર કરી પોતાના પતિને જલંદરના રોગી કરી મૂક્યા છે; કેટલાકને કોઢીઆ કર્યા છે; કોઇને પતિયલ બનાવ્યા છે: કોઇને જડ જેવા મૂઢ બનાવી દીધા છે; એટલુંજ નહિ પણ કોઈની આંખો અને કોઈના કાન તેથી નાશ પામ્યા છે. વાસ્તે સ્ત્રીઓએ કોઇ દિવસે એવાં વશીકરણનો સ્વપ્નમાં પણ વિચાર કરવો નહિ.

પવિત્ર વર્તન એજ ખરૂં વશીકરણ.

અહંકાર, કામ, ક્રોધ તથા ઇર્ષાનો ત્યાગ કરીને કેવલ સેવા કરવાની ઇચ્છાથીજ હું મનને નિત્ય આત્મામાં અર્પણ કરી, પતિના ચિત્તને રંજન કરૂં છું; અપશબ્દ ન બોલી જવાય તેને માટે સદા સાવધ રહું છું; કોઇ પણ સ્થળે ઉભાં રહેતાં, આસપાસ દૃષ્ટિ કરતાં તથા બેસતાં ઉઠતાં ઘણી સભ્યતા રાખું છું, ચાલતી વખતે પણ આડું અવળું જોતી નથી; કટાક્ષ ફેંકવાની કુચેષ્ટા કરી મનોભિપ્રાય જણાવવાનું સાહસ કરતી નથી; ગમે તેવા દેવ, મનુષ્ય, ગાંધર્વ, તરૂણ, રૂપવંત કે ધનિક પુરૂષ પ્રત્યે મારૂં મન કદી ખેંચાતું નથી અને હું નિરંતર મારા પતિનીજ સેવામાં નિમગ્ન રહું છું; પતિ પહેલાં હું સૂતી નથી, પતિ પહેલાં જમતી નથી અને પતિની ઇચ્છા વિરૂદ્ધ શણગાર સજતી નથી.

સગાંઓ પ્રત્યેના ધર્મ અને ઉચ્ચ રીતભાત.

વીરપુત્રની જનની, સત્ય વાદિની, આર્યા સાસુ કુંતાજીનું કોઇ દહાડો હું વાંકું બોલતી નથી; તેમને પીવા માટે પાણી, જમવાને ભોજન. પહેરવાને વસ્ત્રાદિ હું જાતે તેમની સેવામાં હાજર કરૂં છું. કોઇ પણ વસ્ત્રો, આભૂષણો અથવા ખાનપાન વિષયમાં હું તેમનાથી વિરૂદ્ધ વર્તતી નથી; પણ વારંવાર તેમની સલાહ પ્રમાણેજ ચાલું છું. કોઇની સાથે વાત કરતાં છણકો કરતી નથી; દુષ્ટા સ્ત્રીઓનો સંગ રાખતી નથી અને હમેશાં આળસ તજી અનુકૂળ રહું છું વળી વાતચિતમાં પણ કોઇની ઠઠ્ઠા મશ્કરી કરતી નથી; નિત્ય બારણાં ઉપર ઘણીવાર ઉભી રહેતી નથી; તેમજ ઉપવનોમાં ઘણો વખત રોકાતી નથી. વધારે હસવાથી, વધારે રીસાવાથી અને ભૂલો કે અપરાધો કરવાથી હું બહુ સાવધ રહું છું તેમજ નિત્ય સત્ય વદવામાં અને પતિસેવામાં પરાયણ રહું છું.

પતિ વિના મને એકલું રહેવું સોહાતુંજ નથી; પતિ જ્યારે કંઈ કામસર પરગામ જાય છે, ત્યારે હું મારે શરીરે પુષ્પનાં આભરણો પણ પહેરતી નથી; શરીરે ચંદનના લેપ કરતી નથી અને સૌભાગ્ય ચિન્હ (ચુડી, ચાંદલા) સિવાય સર્વ વસ્તુઓનો ત્યાગ કરી બ્રહ્મચારીની પેઠે વર્તુછું.

આવશ્યક નિયમ, પતિભક્તિ અને સાદાઈ.

પતિ જે જે પદાર્થ પીતા નથી કે જે જે પદાર્થ ખાતા નથી તે સર્વનો હું પણ ત્યાગ કરૂં છું, અને શાસ્ત્રમાં કહેલા ઉપદેશ પ્રમાણે નિયમપુર્વક વર્તુછું. સારી રીતે શણગારીને હું હમેશ સાવધ રહુંછું; પતિનું પ્રિય તથા હિતકર કરવામાં તત્પર રહુંછું તથા પૂર્વ મારી સાસુજીએ કુટુંબીઓ પ્રત્યે વર્તવાના જે જે ધર્મો મને કહ્યા હતા તે સર્વ (ભિક્ષા, બલિદાન, શ્રાદ્ધ, તથા પર્વ ઉપર કરવામાં આવતા સ્થાલિપાકો માન્ય પુરૂષોની પૂજા સત્કાર વગેરે) ધર્મો મારા જાણવામાં હોવાથી

તે સર્વ રાત્રિ–દિવસ સાવધાન રહી યથાર્થ રીતે પાળું છું, નિયમ તથા વિનયનું એકાગ્રહ ચિત્તે સેવન કરૂંછું અને પતિને ઘેર આવતા જોઈ ઉભી થઇ, માનપૂર્વક આસન તથા જળ આપી સત્કાર કરૂંછું.

ઘરનાં વાસણો અને તમામ પદાર્થો સ્વચ્છ રાખું છું, ધાન્યને સોઇ ઝાટકી વીણી સાફ કરૂં છું અને સમયસર રાંધી સર્વને જમાડું છું;

દ્રૌપદીની વ્યવહાર કુશળતા.

ઘરનાં દાસદાસિયોની હું પોતે વ્યવસ્થા રાખુંછું. પતિને કેટલી આવક છે, કેટલો ખર્ચ છે ને શું બાકી રહે છે, તે સર્વનો હિસાબ રાખું છું. એથી કરી ભારતવર્ષમાં શ્રેષ્ટ એવા મારા પતિ સઘળા કુટુંબનો ભાર મારા ઉપર મૂકી ઉપાસનાદિક કાર્યોમાં નચિંતાઇથી તત્પર રહે છે. વળી બળવાન સ્ત્રીઓથી પણ ભાગ્યેજ બને તેવાં દરેક કામ હું જાતે કરી, પૈસાસંબંધી બાબતમાં પણ માહિતગાર તથા ચોકસ રહેવા ચુકતી નથી. હે સત્યભામા ! એજ મારૂં વશીકરણ છે. દુરાચારી સ્ત્રીઓના દુષ્ટાચારો હું કદી કરતી નથી અને તે પ્રમાણે વર્તવાની મને ઇચ્છા પણ થતી નથી.”

સત્યભામા આ સાંભળી દ્રૌપદીને નમન કરી વિનયપૂર્વક કહેવા લાગ્યાં કે,—“ હે યજ્ઞસેનનાં પુત્રી પાંચાળી ! મેં તમને અયોગ્ય પ્રશ્ન પૂછ્યા તે માટે ક્ષમા કરો. સખીઓનાં હાસ્યયુક્ત ભાષણોમાં કેટલીક વાર ઇચ્છાપૂર્વક એવી વાતો નીકળે છે. ”

સુખ ભોગવવું સહેલું નથી; તન–મનનો ભોગ.

દ્રૌપદીએ કહ્યું કે–“ હે સાધ્વી સત્યભામા ! સહેલાઇથી સુખ મળતું નથી, પરંતુ પતિવ્રતા સ્ત્રી દુઃખો ભોગવીને સુખ મેળવે છે, માટે તમે નિત્ય સ્નેહથી, પ્રેમથી, કાય ક્લેશ ભોગવવાથી તથા અનેક ઉપચારોવડે શ્રીકૃષ્ણની સેવા કરો, એટલે એ આપોઆપ તમનેજ વશ થશે. વળી પતિની સેવા પોતે જાતે કરવી અને તે કોઇ વાર્તા કહે તે ગુપ્ત હોય કે ન હોય તોપણ તમારે કોઇની આગળ કહેવી નહિ;

પતિના સ્નેહી, મિત્રોને ભોજન કરાવવું અને એમના શત્રુઓનો ત્યાગ કરવો; અયોગ્ય મનુષ્યોનો કદી આદર ન કરવો તેમજ ક્રૂર સ્વભાવની, પરનો પરાભવ કરવામાં કુશળ, પુષ્કળ ખાનારી, ચોરી કરનારી અને ચપળ મનની સ્ત્રીઓ સાથે સ્નેહ પણ કદાપિ કરવો નહિ.

દ્રૌપદીસંબંધી વિશેષ હકીકત.

સતિ દ્રૌપદીનું ચરિત્ર અનેક વાતે સ્ત્રીજાતિએ ખાસ મનન કરવા યોગ્ય છે. તેના પિતા દ્રુપદ રાજાએ રચેલા સ્વયંવર પ્રમાણે કર્ણે મચ્છવેધ કર્યો તોપણ તે સારથીપુત્ર હોવાથી તેની સાથે લગ્ન નહિ કરવાનો તેનો નિશ્ચય, ઉચ્ચ કુળાભિમાન અને બાળલગ્ન પ્રતિબંધક હોવાથી આર્ય સંસારને અનુસરવા યોગ્ય છે. વળી અર્જુન, સુભદ્રાને પરણી લાવ્યા ત્યારે તેને હેતથી છાતી સાથે દાબી સોકને "બ્હેન" કહેવામાં પ્રાચીન સ્ત્રીઓનાં મન-બુદ્ધિ કેવાં વિશાળ હતાં ને દ્રૌપદીનું ઉચ્ચ આચરણ દર્શાવી આપે છે. આજે સાસુ, નણંદ કે દેરાણી જેઠાણીને પણ જ્યાં ત્યાં બનતું નથી એ થોડું દુઃખજનક છે? દ્રૌપદી શ્રીકૃષ્ણને પૂર્ણ પ્રેમથી પૂજનારી હતી અને યજ્ઞવેદીમાંથી ઉત્પન્ન થઇ, રાજકુળમાં ઉછરી પટરાણી પદને પામી હતી; એટલુંજ નહિ પણ પોતે એક રાજરાણી અને રાજકન્યા હોવા છતાં પોતાના ઉગ્ર ક્રોધને બહુ યુક્તિથી સ્વાધિન રાખતી હતી અને વળી રિસાળ તથા મમતી છતાં, પતિને સંતોષ આપતી હતી. કોઇવાર યુધિષ્ઠિરની સરળતાથી તેને દાઢ ડાધ્યાં જેવું લાગતું તથાપિ તે કદી ઉદ્ધત કે અમર્યાદ થઇ, એક પણ અયોગ્ય વચન ઉચ્ચરી નથી. સીતાજીનું રાવણે હરણ કર્યું ત્યારે તેમણે પડેલું દુઃખ રડયાંજ કર્યું, પણ દ્રૌપદીએ તો હિંમતથી દુઃખની સામે ટક્કર લઈ પોતાનું રક્ષણ કર્યું હતું. મહા સતિ દ્રૌપદીના ચરિત્રમાં ઉપલા ઉપદેશ ઉપરાંત અનેક બોધ-સાર આગળ પડતો છે. આપણી બ્હેનો પોતાનો સંસાર સુધારી તેનું યોગ્ય આચરણ કરે એજ મારી મનોવાંચ્છના છે.

વાંચવાયોગ્ય વિવિધ પુસ્તકો.

૧ સ્ત્રીઓનું નિત્યકર્મ—સ્ત્રીઓને ખાસ અભ્યાસ કરવ યોગ્ય, સરલ ગુજરાતી ભાષામાં. મૂલ્ય રૂ. ૦)~

૨ સતીગુણચંદ્રિકા—(આર્યાચરિત્રાવલિ) આ વાર્તારૂપ બોધક અને રસિક પુસ્તકમાં સંયુક્તા, કાન્તા, કૃષ્ણા, ચંદા, પદ્મા, સરદારબા, લાલબા, વીરમતી, રૂપમતી, મૃગનયની, જશમાં, જોધબાઇ, મીરાંબાઇ, તારાબાઇ, રાણકદેવી—ઇત્યાદિ ઘણી શૂરી સતીઓનાં સુબો-ધક ચરિત્રા આપ્યાં છે. પુઠું પાકું સોનેરી ત્રણ નામવાળું. મૂલ્ય રૂ. ૦॥~

૩ ગૃહિણીસુવિચારમાળા—(માણેકવ્યાખ્યાનમાળા)સ્ત્રી પુ-રૂષને ઉપયોગી સાંસારિક, ધાર્મિક તથા વ્યવહારિક ૩૨ વિધ વિધ બોધ-દાયક બાબતોનું ઉપયુક્ત પુસ્તક. સૌ. માણેકબાઇની છબી, પત્ર, ચરિત્ર ઇત્યાદિ સહિત. પાનાં ૨૬૦. પુઠું પાકું ત્રણ સોનેરી નામવાળું. રૂ. ૧।

૪ શ્રીશિવભજનાવળી—શ્રીશિવપાર્વતીની સ્તુતિ-ભક્તિનાં પદ, છંદ, ભજન તથા શ્રીબાણુલનાથ દિગ્વિજય ઇત્યાદિ સાથે. પૃષ્ઠ ૨૦૦ રૂ ૧)

૫ સુબોધક નીતિકથા—પ્રાણી, પદાર્થ તથા ઝાડ પાનને લાગુ પાડી ખાસ રચેલી નાની મોટી ૧૬૮ રસિક વાર્તાઓ. રૂ. ૦॥ પો ૦)~

૬ સુભાષિત-લહરી—ગોલોકવાસી પંડિતશ્રી ગટ્ટુલાલજી કૃત ગુજરાતી કવિતાઓના સંગ્રહ, સમશ્લોકી ભગવદ્ગીતા તથા ચિત્ર ચરિત્ર સાથે. બીજી આવૃત્તિ. (છપાય છે.) મૂલ્ય રૂ. ૧.

૭ છોટમકાવ્ય—નવરાત્રિ વગેરે પ્રસંગે ગવાતા રસિક ભક્તિ-જ્ઞાન વૈરાગ્યના ગરબા, છંદ, પદ, ઇત્યાદિ. મૂલ્ય રૂ. ૦૧ પો. ૦)~

૮ અધ્યાત્મભજનમાળા—આનંદઘન, કમાલ, કબીર, નઝીર, ગોરખ, નૃસિંહ, ચિદાનંદ, બ્રહ્માનંદ, ત્રિવિક્રમાનંદ-ઇત્યાદિ ૧૧૬ મહાન

ભક્ત કવિ-પંડિતો અને સંત-સાધુઓએ રચેલાં ૫૯૩ પદ-કીર્તનોનો અપૂર્વ સંગ્રહ. પૃષ્ઠ ૨૫૬. મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ૦)=

૯ સાહિત્ય-રત્નાકર—કવિ ગંગ, ગિરિધર, ગ્વાલ, ગોપાલ, તુલસી, નાનસેન, બિહારી, બિરબલ, ભૂખણ, જસુ, નાનક, કબીર, ઇ. ૧૬૭ નામાંકિત કવિરાજોએ રચેલા નવરસયુક્ત દોહા, છંદ, કવિત, કુંડલીઆ, છપ્પા, ઝૂલણા, ઇત્યાદિનો મ્હોટો સંગ્રહ. પૃષ્ઠ ૫૩૬. કિમ્મત રૂ. ૨। પો.રૂ ૦।

૧૦ શ્રીપરાશરધર્મશાસ્ત્ર—સ્ત્રી-પુરૂષનાં વ્રતાચરણ, ચારે વર્ણના આચાર, ગૃહસ્થના ધર્મો, અગમ્યગમનાદિ પ્રાયશ્ચિતના વિધિ, અભક્ષ્ય ભક્ષણાદિની શુદ્ધિ, વિવાહસંસ્કાર, ભોજનના નિયમ, ઇત્યાદિ ૨૩૫ ધાર્મિક બાબતોના નિર્ણયનું ઉત્તમ પુસ્તક, પુઠું પાકું સોનેરી ત્રણ નામવાળું. કિંમત રૂ. ૧. પોસ્ટેજ. ૦)−

૧૧ કહાનકાવ્ય—સ્ત્રીશિક્ષા, પ્રભુપ્રાર્થના, મનને ઉપદેશ, બ્યવહારજ્ઞાન, કજોડાંની કહાણી, વગેરે વિવિધ વિષયોપર ખાસ રચેલા છંદ, પદ, ઇત્યાદિ. પૃષ્ઠ ૨૨૫ કિમ્મત રૂ. ૧ પોસ્ટેજ. ૦)−

૧૨ ચોરાશી આસન—પ્રાણ, મન, બુદ્ધિ તથા શરીરને સ્થિર કરી નિયમમાં રાખનાર શ્રી હઠયોગનાં ૧૦૦ સુંદર ચિત્રોનું પુસ્તક; મંત્ર, પ્રક્રિયા તથા સહેલી સમજ સાથે. પુંઠું પાકું, કિમ્મત રૂ. ૧। પો. ૦)=

૧૩ ચમત્કારિક દૃષ્ટાંતમાળા—ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો માર્ગ બતાવનારી સુબોધક તથા રમુજી ૧૦૮ વાર્તાઓ. મોટા કદનાં પૃષ્ઠ ૨૮૦. પુંઠું સોનેરી ત્રણ નામવાળું. મૂલ્ય રૂ. ૧॥ પો. ૦)=

૧૪ સત્સંગશિરોમણી—કબીર, કંથડ, ખાલસ, ગેબીનાથ, ગોરખ, ચિદાનંદ, જફર, તાનસેન, મૌલાબક્ષ, દાદુ, નઝીર, નાનક, ભોજલ, મછંદર, રાજસમુદ્ર વગેરે ૨૭૫ ભક્તરાજોએ રચેલાં ભક્તિજ્ઞાનનાં ૭૨૫ અસરકારક રસિક પદ-કીર્તનોનો મોટો સંગ્રહ. પાનાં ૩૨૦.

હું પાકું સોનેરી ૪ નામવાળું, મૂલ્ય રૂ. ૨ પોસ્ટેજ. ૦)≡

૧૫ ગોવિંદજી ચરિત્ર—યદુવંશની ઉત્પત્તિ, સ્ત્રીધર્મ નિરૂપણ, વ્યવહાર જ્ઞાન, ધર્મ વિચાર, દાનમહિમા, અસાધારણ બુદ્ધિબળ, ઇત્યાદિ વિવિધ વિષયો સાથે મુંબઇનિવાસી સ્વર્ગસ્થ શેઠ ગોવિંદજી ઠાકરસીનું જીવનચરિત્ર, પત્ર, ચિત્ર અવલોકન ઇત્યાદિ સહિત. પૃષ્ઠ ૨૬૦. મૂલ્ય રૂ. ૧॥ પોસ્ટેજ. ૦)=

૧૬ કૃષ્ણદાસજીનું ચરિત્ર—ધનવાનના ધર્મ, હૈદરની ગુણજ્ઞતા, ટીપુનો ત્રાસ, એક રાજમાતાનું કપટકૃત્ય, ગૃહસ્થાશ્રમનું સ્વરૂપ, પુરાણ પ્રસિદ્ધ તીર્થાટનો, વિષ્ણુભક્ત યવન, બાર જ્યોતિર્મહાલિંગ, તામ્રશાસન, ઇત્યાદિ જાણવાજોગ વિષયો સાથે મદ્રાસના શેઠ કૃષ્ણદાસ બાલમુકુંદદાસનું સચિત્ર ચરિત્ર. પૃષ્ઠ ૨૦૦. રૂ. ૧ પોસ્ટેજ. ૦)=

૧૭ જીવનસાફલ્ય—અંગ્રેજી use of Life નું સરલ ભાષાંતર; પ્રસંગોપાત દૃષ્ટાંત, સંસ્કૃત શ્લોક તથા વિવેચન ઇત્યાદિ સહિત મૂલ્ય રૂ. ૧॥ પોસ્ટેજ રૂ. ૦)=

૧૮ સદાચાર ભાષાંતર—મહાત્મા જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યકૃત વેદાંતશાસ્ત્રના સર્વોત્તમ વિષયનું સરલ ભાષાંતર. રૂ. ૦।

૧૯ શ્રીસદાશિવવિવાહ—શ્રીશંકર પાર્વતીના વિવાહવર્ણનની રસિક હિંદી કવિતામાં રૂ. ૦। પો. ૦)-

૨૦ શૈલસુતાસ્તોત્ર—મૂલ સહિત સરલ ભાષાંતર. રૂ. ૦)-

૨૧ રામરસ-શ્રીરામચંદ્રજીની સ્તુતિ-ભક્તિનાં પદ કીર્ત્તન.રૂ. ૦)-

૨૨ સુદામામાહાત્મ્મ-ભગવદ્‌ભક્ત સુદામાજીનું આખ્યાન. રૂ.૦)૦॥

૨૩ દીપોત્સવી—દીવાળીની જાણવાજોગ હકીકત. રૂ. ૦)-

૨૪ પરમપદબોધિની—હઠયોગ અને રાજયોગનો સવિસ્તર ગ્રંથ. મહારાજશ્રી નથુરામશર્મા કૃત. સચિત્ર. રૂ. ૧ પોસ્ટેજ ૦)-

૨૫ શ્રીકૃષ્ણસંધ્યા—વૈષ્ણવોપયોગી નિત્યકર્મ. રૂ. ૦)=

૨૬ સંતોષશતક—સુબોધક સરળ વ્યાખ્યાન, મૂળ સાથે. રૂ. ૦)=

૨૭ અધ્યાત્મપ્રકાશ—તત્ત્વમસિનાં ત્રણે પદની વ્યાખ્યા; શ્રી સુખદેવજી પ્રણિત અધ્યાત્મિક વૈદ્યલીલા સહિત સર્વોત્તમ વેદાંત ગ્રંથ.રૂ.૦ાા=

૨૮ અનુભવપ્રકાશ—મહાત્માશ્રી બલિરામજી કૃત મૂળસાથે રૂ.૦)=

૨૯ મોટું વ્યાજગણિત—વરસે સેંકડે એક આનાથી ટકા ૨૪ લેખે રૂપિયા એક કરોડ સુધીના વ્યાજના તૈયાર હિસાબ. રૂ. ૧) પો. ૦)-

૩૦ પરમાર્થસાર—આર્યાપંચાશિકા, કૌપિન પંચક, શુકાષ્ટક ઇત્યાદિ સાથે. પૃષ્ટ ૧૩૦ રૂ. ૦૧ પોસ્ટેજ ૦)-

૩૧ સદ્બોધદીપક—શ્રીશંકરાચાર્ય આદિ મહાત્માઓએ રચેલાં વેદાંતતત્વનાં મૂળ સહિત પાંચ પુસ્તકોનો સંગ્રહ, રૂ. ૦ાા

૩૨ ભક્તિકલ્પદ્રુમ—ભક્તિ-જ્ઞાન વિષે ગદ્ય પદ્યાત્મક પાંચ પુસ્તકો, ચિત્ર ચરિત્ર સાથે. રૂ ૦ાા

૩૩ મહિલાપ્રબોધિની—સ્ત્રી ઉપયોગી નિબંધો સાથે (છપાય છે.)

૩૪ સ્ત્રીધર્મબોધ—ચાર વિષયોપર સુબોધક વ્યાખ્યાન (સચિત્ર) રૂ. ૦૧ પો. ૦)૦ાા

૩૫ કવિતા મંજરી—શ્રીમતિ સવિતાબાઇકૃત ઋષિ વાલ્મિક તથા સતી સુલોચનાનું ઉત્તર ચરિત્ર. કવિતારૂપે. કિ. રૂ ૦)-

૩૬ અદ્વૈતાનંદિની કાવ્ય—શ્રીમતિ ગોદાવરીબાઈ કૃત આત્મજ્ઞાન-બોધનાં આશરે ૨૨૫ પદ, કીર્તનોનો સંગ્રહ. તેમની છબી ઇત્યાદિ સાથે પૃષ્ટ ૨૨૫ રૂ. ૧) પોષ્ટજ ૦)-

૩૭ મારૂ ઢોલા નાટક—વર્તમાન પ્રેમકથા ઉપરથી રચાયલું રસિક નાટક રૂ. ૦૧

☞ સામટી મંગાવનારને સારૂં કમીશન મળશે.

કહાનજી ધર્મસિંહ.

રાજકોટ—**કાઠિયાવાડ.**